પ્રેસનોટ

ગુજરાત સ્થાપના દિવસ

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ગુજરાત ગૌરવ પુસ્તક પ્રદર્શન યોજાયું

ભારતની આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આજે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ઉપક્રમે ગુજરાત સ્થાપના દિવસ અને ભારતની આઝાદીના ૭૫ આઝાદ વિરોના  જીવન – કવનને સાંકળતા વર્ચ્યુઅલ પ્રદર્શન ખુલ્લા  મુકવામાં આવ્યા હતાં.

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ગુજરાતના ગૌરવ સમાન ૭૫ પુસ્તકોનું પ્રદર્શન યોજાયુ હતું. ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ  ડૉ. જગદીશ ભાવસારે ગુજરાતના સ્થાપના દિવસને સાંકળીને યોજાયેલાં આ પ્રદર્શનને ખુલ્લું મૂક્યું હતું.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા કુલપતિ ડૉ. હીંમાશુ પંડ્યાની અધ્યક્ષતામાં આઝાદીના અમૃત મહોત્સવ નીમીત્તે વિવિધ આયોજન હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે. વર્તમાન પરિસ્થિતિમાં પ્રતિમાસ અપ્રત્યક્ષ એટલે કે ઑનલાઇન આ કર્યાક્રમો મહામુલી આઝાદીના લડવૈયાઓની યાદમા યોજવાનુ આયોજન અમૃત મહોત્સવ ઉજવણી સમિતિએ કર્યું છે.



